## - ઃ અખબારી યાદી ઃ -

**રથયાત્રાનો માર્ગ ઃ-**

(૧) જમાલપુર દરવાજા બહારથી જગન્નાથ મંદિરથી સવારે રથયાત્રા નીકળી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ગોળલીમડા, આસ્ટોડીયા ચકલા, મદનગોપાળની હવેલી, રાયપુર ચકલા, ખાડિયા જુની ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચકુવા, કાલુપુર સર્કલ, કાલુપુર બ્રિજ થઈ સરસપુર જશે.

(૨) બપોરે સરસપુર વિશ્રામ કર્યા બાદ રથયાત્રા સરસપુર થી નીકળી કાલપુર બ્રિજ, કાલુપુર સર્કલ, પ્રેમદરવાજા, જોર્ડન રોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઓતમ પોળ, આર.સી.હાઇસ્કુલ, દિલ્હી ચકલા, ઘીકાટા રોડ, પાનકોર નાકા, ફુવારા, ચાંદલાઓળ, સાંકડી શેરીના નાકે થઈ માણેક ચોક શાક માર્કેટ દાણાપીઠ, ગોળલીમડા, ખમાસા, જમાલપુર ચકલા થઈ શ્રી જગન્નાથ મંદિર રથયાત્રા પરત આવશે.

➢ **રથયાત્રાના માર્ગ ઉપર ટ્રાફિકનો વૈકલ્પિક માર્ગ નીચે મુજબ છે ઃ-**

(૧) જમાલપુર ચોકી થી ખમાસા ચોકી તરફ જતો અને આવતો ટ્રાફિક સવારના કલાક ૭.૦૦ થી બંધ કરવામાં આવશે. અને વૈકલ્પિક માર્ગ તરીકે મ્યુ. હેલ્થ સ્લમ ક્વાટર્સ (અશોકભટ્ટ બ્રિજ પશ્ચિમ છેડા તરફ) થઈ ગાયકવાડ હવેલી માર્ગનો ઉપયોગ કરશે. રથયાત્રા ગોળલીમડા પહોંચે પછી રસ્તો ચાલુ કરવામાં આવશે. સાંજ કલાક ૧૮.૦૦ પછી પણ ઉપર મુજબ રસ્તો બંધ રહેશે.